BAOU Education for All
॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# કચ્છી વહાણવટી કાનજી માલમ

ડૉ. મિહિર મહાભાઈ વોરા

Abstract (તારણ): કચ્છી વહાણવટી કાનજી માલમની વાતો વિશે બહુ જાણવા મળ્યુ નથી ગુજરાતના વહાણવટીઓના ઇતિહાસમાં કાનજી માલમનું નામ મોટું છે, અને ગુજરાતના અનેક ઇતિહાસકારો અને લેખકોએ આના વિશે લખ્યું છે પણ તેમાં અમુક વાત નો ઉમેરો કરવો જરૂરી છે મેં માહિતી ઉમેરવાની કોશિશ કરી છે.

Key words: કચ્છી, વહાણવટી, કાનજી માલમ

કચ્છી વહાણવટી કાનજી માલમ ની વાતો વિશે બહુ જાણવા મળ્યુ નથી ગુજરાતના વહાણવટીઓ ના ઇતિહાસમાં કાનજી માલમ નું નામ મોટું છે પણ તેના વિશે બહુ ઓછું સંશોધન થયું છે , વધારે સંશોધન કરવાની જરુર છે . કચ્છના અને ગુજરાતના અનેક ઇતિહાસકારો અને લેખકોએ આના વિશે લખ્યું છે પણ તેમાં અમુક વાત નો ઉમેરો કરવો જરૂરી છે અહીં મેં માહિતી ઉમેરવાની કોશિશ કરી છે વિવિધ સંધર્ભો નો ઉપયોગ કરીને જેની નોંધ લેવા વિનંતી છે ..આવો જાણીએ અને માણીએ કાનજી માલમ વિશે .મેં માત્ર માહિતી આપવાનો પ્રયાશ કર્યો છે જેની નોંધ લેવા વિનંતી છે . કદાચ ગુણવંત આચાર્ય ની દરિયા ની નવલકથાઓમાં આનો ઉલ્લેખ છે. જગડુશાહ (ઇ.સ. ૧૨૧૦-૧૨૭૫) અને કાનજી માલમ (ઇ.સ. ૧૪૪૨-૧૫૧૬) જેવા કચ્છી વેપારીઓ અને વહાણવટીઓનાં વૃત્તાંતો બતાવે છે કે તેમણે માત્ર કચ્છની જ નહીં, ગુજરાત અને સમગ્ર ભારતવર્ષની અસ્મિતાને વિશ્વભરમાં દ્રષ્ટિગોચર કરી હતી. ૧૮મા સૈકામાં થઈ ગયેલા દાદા મેકરણ નામના સંતે નીચેનાં કચ્છી કાવ્ય દ્વારા કચ્છની અસ્મિતા આબેહૂબ રીતે વ્યક્ત કરી છે : “ઊંડા ઊંડા સાંયર બંબજલ ભરેઆ, તેમાં મચ્છ વસે બહુ મોટા,વહાણને વીશ રખે ખરાબે, ચડાવો, માલમ થશે સર્વે ખોટા.કેના કેના બેડલાં પેલે તડ પોતા, વણજ કરી ઘરે વસેલાં,મરજીવા હોઈ મહાસમુદ્રમાં પેઠા, હીરા બોરી વહાણ ભરેલા”..કાનજી માલમનાં સમકાલિન પોર્ટુગીઝ મુસાફર ડુરાટ બાર્બોસાએ ઇ.સ. ૧૫૧૮માં નોંધ્યું હતું તે મુજબ ગુજરાતી અને આરબ વેપારીઓ ગુજરાત ઉપરાંત ઇસ્ફહાન, મસ્કત અને પૂર્વ આફ્રિકામાં ઠેરઠેર ફેલાયા છે અને તેઓ ગુજરાતમાં બનેલા સફેદ બાસ્તા જેવા વસ્ત્રો ધારણ કરે છે.સંખ્યાબંધ સંસ્કૃત, પ્રાકૃત, અરબી, ફારસી અને ચીની સ્ત્રોતો બતાવે છે કે પ્રાચીન અને

મધ્યકાલીન સમયમાં કચ્છી વેપારીઓ અને વહાણવટીઓ કચ્છના જહાજવાડામાં બનેલા વહાણોમાં મીઠુ, અફીણ, ઢાલ, તલવાર, ચપ્પુ, કિનખાબ જાડુ કાપડ, ધાબળા, ઢાલ અને પગરખા જેવી ચીજવસ્તુઓને લાદીને દરિયાપારનાં દેશોમાં જતા અને ત્યાંથી ખજુર, હાથીદાંત, ઘઉં, ચોખા, નારીયેળી, સુકો મેવો, રેશમ અને મરીમસાલા કચ્છમાં ઠાલવતા. તેઓ પૂર્વ આફ્રિકામાંથી હાથીદાંતની આયાત કરતા, કચ્છમાં તેમાંથી ચૂડા-જેવી વિવિધ ચીજો બનાવતા અને આફ્રિકા અને અન્ય દેશોમાં વેચતા. કચ્છીઓની પૂર્વ આફ્રિકામાં વસાહતો હતી.મહંમદ બેગડા અને કાનજી માલમનો એક સમકાલીન મલિક અયાઝ હતો. તે મહાન નૌકાધિયન્સ અને દીવનો ગવર્નર હતો. તે સમયે ભરૂચ અને ખંભાત ઉપરાંત કચ્છનાં ભદ્રેશ્વર, કોટેશ્વર, માંડવી અને મુંદ્રા જેવા બંદરોમાં રહેતા વેપારીઓ અગ્નિ એશિયા, પૂર્વ આફ્રિકા, ઇરાન અને અરબસ્તાનનાં આવેલા જાવા, સુમાત્રા, ઝાંઝીબાર, મોમ્બાસા, મલીન્દી, દારેસલામ, મસ્કત અને એડન જેવા બંદરો સાથે વેપાર કરતા.તેમાં પણ કચ્છ અને સૌરાષ્ટ્રનાં વહાણવટીઓ ખૂબ કાર્યકુશળ અને અનુભવી ગણાતા. દેશવિદેશમાં તેમનો ડંકો વાગ્યો હતો.. . કાનજી ભદ્રેશ્વર બંદરનો મુસ્લિમ ભડાલા (બનતા સુધી ભાટીયા) ઇસ્માઇલી ખોજા) હતો. ખોજાઓ અસલમો હિંદુ (લોહાણા અને ભાટીયા) હતા. ૧૨મા સૈકામાં ઇસ્માઇલી નિઝારી ઉપદેશકોની અસર હેઠળ તેઓ ઇસ્લામમાં વટલાયા હતા. સદીઓ સુધી એમનાં રીતરિવાજો હિંદુ જેવા હતા. વીરજી, કાનજી, શીવજી, ઇબજી, ધનજી અને રૂપજી જેવા નામો પણ એવાં કે નામો પરથી કોઈ માણસ કળી ન શકે કે તે હિંદુ છે કે મુસલમાન. મુસ્લીમ નાવિકો ભડાલા તરીકે અને હિંદુઓ ખારવા તરીકે ઓળખાતા. કચ્છી નાવિકો તો આવા કૃત્રિમ ભેદભાવ રાખ્યા વગર એકબીજાનું ખાતાપીતા અને દરિયાપીર, આશાપુરા અને સીકોતર માતાને શ્રીફળ વધેરીને તથા પૂજા-આરાધના કરીને વહાણો હંકારતા.તમામ જાતનાં કચ્છીઓને એકસમાન રીતે સાંકળતી સાંકળ કચ્છી બોલી હતી. આજે પણ કચ્છી ભાષા વિશ્વભરમાં ફેલાએલા કચ્છીઓની અસ્મિતાનાં પ્રતીકરૂપ છે. કાનજી માલમ કચ્છી હતો. તેની માતૃભાષા કચ્છી હતી. ભદ્રેશ્વર અને માંડવી બંદરો પરથી થઇને તે મસ્કત ઉપરાંત મોમ્બાસા, મલીન્દી, મોગાદીસુ, કીલ્વા, ઝાઝીવાર અને દારેસલામ જેવા બંદરોની સફરે જતો. કચ્છની વહાણવટાની અસ્મિતાનો સૌ પ્રથમ વિશ્વપ્રસિદ્ધ મશાલચી કાનજી માલમ હતો. એ દરિયાઇ પવનો, વહાણોની દિશા, નકશા, અક્ષાંસ-રેખાંશ અને વહાણવટાનાં ચાર્ટસનો નિષ્ણાત હતો. વાસ્કો-દ-ગામાનું વહાણ તેણે પૂર્વ આફ્રિકાનાં કેનિયાનાં બંદર મલિન્દીથી મલબાર કિનારાનાં કાલિકટ બંદર સુધી હંકાર્યું હતું. એ પોર્ટુગીઝ મુસાફર અને તેનાં કાફલાને આફ્રિકાનાં કેપ ઓફ ગુડ હોપની પ્રદક્ષિણા કરીને કાલિકટ બંદર લઇ આવ્યો હતો. ત્યાર બાદ ૧૬મા સૈકામાં પોર્ટુગીઝોએ હિંદી મહાસાગર અને રાતા સમુદ્રમાં દરિયાઇ સાર્વભૌમત્વ પ્રાપ્ત કરીને વિશ્વનાં ઇતિહાસને બદલ્યો હતો. જો વાસ્કો-દ-ગામાની જેમ કાનજી માલમને રાજયાશ્રય મળ્યો હોત તો ઇતિહાસ કાંઈ જૂદો જ હોત. ગમે તેમ, પણ વિશ્વનો દરિયાઇ નકશો બદલનાર કચ્છી વહાણવટી કાનજી માલમ હતો.કચ્છી જૈન, ભાટીયા, લોહાણા, ખોજા, વહોરા અને મેમણ વેપારીઓ તે સમયે મસ્કત, રોકોત્રા, એડન, માડાગાસ્કર, કિલ્વા, મલિન્દી અને મોગાદીસુ જેવા બંદરો અને ટાપુઓ સાથે વ્યાપારી ઘરોબો

ધરાવતા હતા. ગુજરાતીઓ તો છેક પ્રાચીન કાળથી પૂર્વ આફ્રિકા જતા હતા. તેઓ ત્યાંનાં બંદરોને 'કાલીય દ્વીપ' તરીકે ઓળખતા. ત્યાર બાદ આરબોએ પૂર્વ આફ્રિકામાં પ્રવેશ કર્યો અને ૯મા સૈકામાં તેઓ તેનાં શાસક બની બેઠા. કાનજી માલમ તેની એક સફર વખતે પૂર્વ આફ્રિકાના બંદરોમાં ગયા ત્યારે તેનો શાસક શેખ અહમદ નામનો આરબ હતો. તે સમયે અનેક આરબો ભરૂચ, ભદ્રેશ્વર, ખંભાત, સોમનાથ, અને માંડવી જેવા બંદરોમાં રહીને વેપાર કરતા હતા. આરબ વેપારીઓનું મહત્વ પીછાનીને તો જગડુશાહે ભદ્રેશ્વરમાં અને વસ્તુપાલે ખંભાતમાં મસ્જિદો બાંધી હતી. આમ કાનજી માલમનાં પૂર્વ આફ્રિકા સાથેનો સંબંધ અકસ્માતરૂપ નહોતો. તેની પાછળ ઐતિહાસિક હકીકતો હતી. આવા સંજોગોમાં જ્યારે વાસ્કો-દ-ગામા પોર્ટુગલનાં લિસ્વન બંદરથી રવાના થઇને તા. ૧૪ એપ્રિલ ૧૪૯૮ના રોજ મલિન્દા બંદર પહોંચ્યો તે સમયે કાનજી માલમ આરબ રાજા શેખ અહમદનો વિશ્વાસુ વહાણવટી હતો. . મલિન્દી બંદરનાં આરબ શેખનાં કહેવાથી કાનજી માલમ વાસ્કો-દ-ગામાનાં નૌકા કાફલા સાથે મલિન્દીથી તા. ૨૪ એપ્રિલ ૧૪૯૮ના રોજ ઉપડયો. તે પોતાની પાસે ચતુષ્કોણીય યંત્ર, મેરીનર્સ કંપાસ, આલેખો અને દરિયાઇ નકશાઓ લઇને રવાના થયો હતો. એણે વિશ્વના ઇતિહાસમાં પહેલી વખત દક્ષિણ આફ્રિકામાં આવેલા કેપ ઓફ ગુડ હોપની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી તે વહાણ હંકારીને મલબાર કિનારે આવેલા કાલિકટ બંદરમાં તા. ૨૦ મે ૧૪૯૮ના રોજ પહોંચ્યો. કેરાલા રાજ્યમાં આવેલું કાલિકટ બંદરનું નામ હવે 'કોમીકોડ' છે. તે સમયનાં ઝામોરીન રાજાએ કાનજી માલમ અને વાસ્કો-દ-ગામા અને તેનાં પોર્ટુગીઝ કાફલાનાં વહાણવટીઓ અને વેપારીઓને આવકાર્યા. કચ્છી વેપારીઓ તો તેની સદીઓ પહેલાં કચ્છના બંદરોથી ઉપડીને કાલિકટ સુધી પહોંચી જતા પણ વાસ્કો-દ-ગામાને સીધા દરિયાઈ માર્ગ દ્વારા કાલિકટ લાવનાર સૌપ્રથમ કાનજી માલમ હતો. યુરોપીયન વહાણવટી વાસ્કો-દ-ગામાના વહાણને કાનજી માલમ મલબાર કિનારે કાલિકટ બંદર લઈ આવ્યો હતો.. એલેકઝાન્ડર બર્ન્સ નામનો અંગ્રેજ તેનાં સમયનાં વીરજી માલમ જેવા વહાણવટીઓનાં પરિચયમાં આવ્યો હતો તેણે ૧૮૩૪માં લખ્યું 'યુરોપિયનોને એ જાણીને નવાઈ લાગશે કે કાનજી માલમ અને રામસિંહ માલમ જેવા વહાણવટીઓ દરિયાપારનાં દેશોમાં ઘૂમતા હતા. કચ્છ અને સૌરાષ્ટ્રનાં વહાણવટીઓ ચતુષ્કોણીય યંત્રોનો, આલેખનો (ચાર્ટસ) અને નકશાઓનો ઉપયોગ કરીને તેમનાં વહાણો આજે (૧૮૩૪) પણ હંકારે છે. તેના નમૂનાઓ ઉપલબ્ધ છે.'જર્મન જસ્ટુસ સ્ટ્રેન્ડસએ ૧૮૯૯માં લખ્યું હતું : 'વાસ્કો-દ-ગામાનાં વહાણો લિમ્બન બંદરથી મલિન્દી આવ્યાનાં નવ દિવસ બાદ મલિન્દીમાં રહેતા 'માલમ 'કાનાકવા' (કાનજી માલમ) નામના ભારતીય સુકાનીએ તેનું વહાણ હિંદી મહાસાગરમાં હંકાર્યું હતું. તે સહીસલામત રીતે પોર્ટુગીઝ કાફલાને મલિન્દીથી કાલિકટ લઈ આવ્યો હતો.'એફ.બી. પીયર્સ નામના અંગ્રેજે ૧૯૨૦માં લખ્યું : 'હું ખાતરીપૂર્વક કહું છું, કે કચ્છનાં રહેવાસી કાનજી માલમે મલિન્દી બંદરથી વહાણ હંકાર્યું હતું અને તે હિંદી મહાસાગર તથા કેપ ઓફ ગુડ હોપ ઓળંગતો ઓળંગતો મલબાર કિનારાનાં કાલિકટ બંદરે પહોંચ્યો હતો. વાસ્કો-દ-ગામાને એણે દરિયાઈ માર્ગ બતાવ્યો હતો.સિંથિયા સલ્વાડોરી નામનાં ઇટાલીયન ઇતિહાસકાર તેમનાં સંશોધન માટે જ્યારે ૧૯૮૯-૯૧માં પૂર્વ આફ્રિકા ગયા ત્યારે તેઓ

મોમ્બાસામાં કાનજી માલમના વંશજો યાકુબ અબ્બાસ કાના અને ઇસાક કાનાને મળ્યા ત્યારે તેમણે સિંથિયા સલ્વાડોરીને વંશાવલી તથા નકશાઓ દેખાડયા હતા. તેમણે કહ્યું : 'અમે કાનજી માલમનાં વંશજો છીએ. દરિયાઇ સફરનું લોહી આજે પણ અમારી નસોમાં વહે છે. અમે વહાણવટી છીએ. અમારા પૂર્વજોની જેમ અમે પણ દરિયાઇ સફર કરતાં પહેલાં દરિયાપીર, સિકોતર અને આશાપુરાની આરાધના કરીએ છીએ.' ગુજરાત ના ઘણા લોકો આના વિશે નથી જાણતા તેમને માટે આ એક વિશેષ ઉપયોગી માહિતી છે. આમ, કાનજી માલમ વિશે હજી પણ સંશોધન કરવાની જરૂર છે .

## સંદર્ભ

(૧).કચ્છ- (ગુજરાત સમાચાર) - ડૉ. મકરન્દ મહેતા, વિકીપિડીયા ,

(૨) કચ્છનો ઇતિહાસ શ્રી ઉમિયાશઁકર અજાણી, શ્રી નરેશભાઈ અંતાણી, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હરેશભાઈ ધોળકિયા ના વિવિધ લેખો આધારિત માહિતી,

.........................................................................................................

ડૉ. મિહિર મહાભાઈ વોરા

“પરમેશ્વરી” ,પ્લોટ -૧૬૫ , વિજય નગર , હોસ્પિટલ રોડ ભુજ કચ્છ -૩૭૦૦૦૧